# 'મોદી ફોર પીએમ' ઝુંબેશમાં કરોડો યુવા મતદારો સુધી પહોંચવા તૈયારી

## ૧૨૦ મિલિયન નવા મતદારો પર નજર : દરેક મત વિસ્તારમાં ૯૦ હજાર જેટલા મતદારોની વય ૧૮થી ૨૪ વર્ષની વયની છે : નવા અહેવાલમાં ધડાકો

નવી દિલ્હી,તા.૨૭

ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ કેસમાં નરેન્દ્ર મોદીને ક્લીન ચીટ મળ્યા બાદ હવે ભાજપના કાર્યકરોમાં વધારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપ મોદી ફોર પીએમ નામે આક્રમક ઝુંબેશ ચલાવવા માટે તૈયાર છે. મોદી ફોર પીએમ ઝુંબેશ હેઠળ ૧૦૦ મિલિયન પરિવારો સુધીપહોંચવામાં આવશે. ૨૦૦૯ બાદથી મોટી સંખ્યામાં નવા મતદારો ઉમેરાયા છે. નવા ઉમેરાયેલા ૧૨૦ મિલિયન મતદારો સહિત ૨૦૦ મિલિયન મતદારો સુધી પહોંચવાના પ્રયાસ ભાજપના કાર્યકરો કરનાર છે. નવા અંદાજ મુજબ અને પક્ષ દ્વારા કરવામાં આવેલી ગણતરી મુજબ આશરે ૫૦ ટકા મતદારોની વય ૪૦થી ઓછી છે જ્યારે દરેક મત વિસ્તારમાં ૯૦ હજારથી વધુ મતદારો એવા છે જે ૧૮થી ૨૪ વર્ષની નીચે છે.



ભાજપ તેની હાજરી વધુ મજબૂત રીતે પૂરવાર કરવા સજ્જ છે. ભાજપ કેટલાક મુદ્દાઓને આક્રમક રીતે રજૂ કરવા માટે તૈયાર છે જેમાં હાલમાં જ ગુલબર્ગ કાંડમાં મોદીને ક્લીન ચીટ મળવાની બાબત અને જાસૂસી કાંડમાં ગુજરાતને બદલનામ કરવાની બાબતનો સમાવેશ થાય છે.

# લોકસભાની ચૂંટણી માટે ભાજપની તૈયારી

## ઉત્તર પ્રદેશ-બિહાર ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરાયું : પરંપરાગત ગઢ ઉપરાંત બિહાર અને ઉત્તર પ્રદેશમાં વધુ સીટ જીતવા તૈયારી : ઓછા અંતરવાળી બેઠકની ગણતરી

નવી દિલ્હી,તા.૨૭

ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ કેસમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની અમદાવાદની કોર્ટે ક્લીન ચીટ આપ્યા બાદ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણી પહેલા મોટો ફટકો પડ્યો છે. ભાજપ પણ આ મુદ્દાને હવે ફરી એકવાર ચગાવીને લોકો પાસે જવા તૈયાર છે. ભાજપને આ વખતે બે મોટા મુદ્દા મળી ગયા છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપ ગુજરાતમાં જાસૂસીકાંડના મુદ્દે કોંગ્રેસની નીતિના મુદ્દે પણ રજૂઆત કરવાના મૂડમાં છે. ભાજપે લોકસભાની ચૂંટણીને લઈને પોતાની વ્યૂહરચના તૈયાર કરી દીધી છે પરંતુ આ વખતે મુખ્ય ધ્યાન બિહાર અને ઉત્તર પ્રદેશ ઉપર કેન્દ્રીત કરવામાં આવ્યું છે. આ બંને રાજ્યોમાં ભાજપની સ્થિતિ છેલ્લા થોડાક સમયથી નબળી રહી છે પરંતુ આગામી ચૂંટણીમાં આ બંને રાજ્યો ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરવાની તેની યોજના છે. ઉત્તર પ્રદેશ અને બિહાર કેન્દ્રમાં સત્તા ઉપર પહોંચવા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. આ બંને રાજ્યોની કુલ બેઠકો પૈકી મોટાભાગની બેઠકો જીતવા માટે ભાજપે કમર કસી છે.

ભાજપની ઉત્તર પ્રદેશમાં હાલમાં ૧૦ અને બિહારમાં ૧૨ બેઠકો છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, છતીસગઢ અને દિલ્હીમાંપણ દેખાવ સુધારવા માટે કમર કસી લેવામાં આવી છે. લોકસભાની ચૂંટણીમાં ૨૭૨થી વધુ બેઠક જીતવા માટે નરેન્દ્ર મોદી આશાવાદી છે પરંતુ આના માટે ખૂબ મહેનત કરવી પડશે. નવી વ્યૂહરચના ઘડવામાં આવી રહી છે. મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, રમણસિંહ, વસુંધરા રાજે પણ તેમના રાજ્યોને કહી ચૂક્યા છે કે જે રીતે આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં સફળતા મેળવી છે તેવી સફળતા મેળવી શકાય છે. વસુંધરા રાજેની સરકાર રાજસ્થાનમાં તાજેતરમાં જ બની છે. જો કે નરેન્દ્ર મોદીએ છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસ બાદ બીજા સ્થાને રહેલા ઉમેદવારો ઉપર વધારે ધ્યાન કેન્દ્રીત કર્યું છે. વર્ષ ૨૦૦૯ની ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપ દ્વારા મેળવવામાં આવેલા મતની સંખ્યામાં અંતર માત્ર ૮.૯ મિલિયનની આસપાસ છે. ભાજપ બીજા નંબરની પાર્ટી રહી હતી. કોંગ્રેસે ૯૦ બેઠકો ઉમેરી હતી. આવખતે ૧૨ કરોડ નવા મતદારો ઉમેરાઈ ચૂક્યા છે જેથી મોદી માટે ખૂબ સારા સંકેત છે. મોદીના જાણકાર લોકો કહી ચૂક્યા છે કે કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ દ્વારા ૨૫ હજારથી પણ ઓછા મતે ૫૩ સીટ જીતવામાં આવી હતી. જ્યારે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા, ઉત્તરાખંડ, કર્ણાટક, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૩૨ બેઠકો ઉપર જીતનું અંતર આનાથી પણ ઓછું હતું. ભાજપ આ વખતે નવા ઈરાદા સાથે મેદાનમાં ઉતરવા ઈચ્છુક છે. મોદીને વધતી લોકપ્રિયતાનો લાભ પણ મળી શકે છે.

મોદીના જાણકાર લોકોનું એમ પણ કહેવું છે કે યુવા વસ્તી ૧૮થી ૨૩ ટકાની વચ્ચે છે. જ્યારે વર્ષ ૨૦૧૪માં પ્રથમ વખત મતદાન કરનાર લોકોની સંખ્યા પણ ખૂબ મોટી છે. ૭૨૫ મિલિયનના કુલ મતદારોમાં યવા મતદારોની સંખ્યા ૨૦ ટકાની આસપાસ છે.

# હિંસા પીડિત કેમ્પમાં ૩૪ શિશુના કરૂણ મોત થયાં

## ઉત્તર પ્રદેશ સરકારની આખરે કબૂલાત : ૭મી સપ્ટેમ્બર અને ૨૦મી ડિસેમ્બર વચ્ચેના ગાળામાં મોટી સંખ્યામાં શિશુના મોત થતાં યુપી સરકાર મુશ્કેલીમાં

લખનૌ,તા.૨૭

તીવ્ર દબાણ બાદ ઉત્તર પ્રદેશ સરકારે આખરે કબૂલાત કરી છે કે ૭મી સપ્ટેમ્બર અને ૨૦મી ડિસેમ્બર ૨૦૧૩ વચ્ચેના ગાળામાં મુજફ્ફરનગર અને સામલી જિલ્લામાં કોમી રમખાણ બાદ સ્થાપિત કરવામાં આવેલા રાહત કેમ્પમાં જુદા જુદા કારણોસર ૩૪ બાળકોના મોત થયા છે. આ તમામ બાળકોની વય ૧૨ વર્ષથી પણ ઓછી છે. મીડિયા દ્વારા અહેવાલ આપવામાં આવ્યા બાદ નવજાત શિશુના મોતના મામલામાં ચકાસણી કરવા સરકાર દ્વારા રચવામાં આવેલી ઉચ્ચસ્તરીય કમીટિ દ્વારા આ આંકડાને સમર્થન આપવામાં આવ્યુંછે. આ પેનલે ૨૫મી ડિસેમ્બરના દિવસે સરકારને આ અહેવાલ સુપરત કરી દીધો હતો. આ તારણો હવે સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટ મુજફ્ફરનગરમાં કોમી હિંસાના જુદા જુદા પાસાંઓ સાથે સંબંધિત અરજી ઉપર સુનાવણી ચલાવી રહી છે. મુજફ્ફરનગર કોમી હિંસામાં ૬૧ લોકોના મોત થયા હતા અને ૫૦ હજારથી વધુ લોકો ઘર વગરના થયા હતા.

પેનલના તારણો અંગે પત્રકારો સાથે વાતચીતમાં જણાવવામાં આવ્યું છે કે પાંચ રાહત કેમ્પમાં હજુ પણ ૪૭૮૩લોકો રહે છે. મુજફ્ફરનગર જિલ્લામાં લોઈમાં એક સહિત પાંચ રાહત કેમ્પ છે.જ્યારે સામલી જિલ્લામાં ચાર રાહત કેમ્પ છે. તેમના માતા-પિતા દ્વારા સારવાર માટે કેમ્પની બહાર લઈ જવા સૂચના અપાઈ હોવા છતાં ઈન્કાર કરનાર માતા-પિતાએ બાળકો ગુમાવ્યા છે. મૃત્યુપામેલા બાળકોના કારણો જુદા જુદા છે.

અધિકારીઓએ કબૂલાત કરી છે કે રાહત કેમ્પમાં રહેતા તમામ લોકો વિસ્થાપિત લોકો છે. શરૂઆતમાં રાજ્ય સરકારે મુજફ્ફરનગરમાં રાહત કેમ્પમાં કોઈપણના મોતના અહેવાલને રદિયો આપ્યો હતો અને આવા જ દાવા સાથે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ રજૂ કરી હતી. જો કે મિડીયામાં જોરદાર ઝુંબેશ ચાલ્યા બાદ કોર્ટે આંકડાઓની ચકાસણી કરવા ઉત્તર પ્રદેશ સરકારને કહ્યું હતું. ત્યારબાદ રાજ્ય સરકારે ૧૩મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે આમા ચકાસણી કરવા સમીતિ રચી હતી. મેરઠ ડિવિઝનના કમીશનર મંજીતસિંહના નેતૃત્વમાં આ કમીટિ રચાઈ હતી. કમીટિએ ૧૧ બાળકોના મોતને સમર્થન આપ્યું હતું. હવે કેમ્પમાં ૩૪ બાળકોના કેમ્પને સમર્થન આપ્યું છે. જો કે તબીબોની બેદરકારીથી કોઈના મોત થયા નથી.



## ઉત્તરપ્રદેશમાં ઠંડીથી કોઈના મોત થયા નથી : નિવેદન

મુજફ્ફરનગર,તા.૨૭

ઉત્તરપ્રદેશના મુખ્યસચિવ (ગૃહ) અનિલ ગુપ્તાએ આજે વિવાદાસ્પદ નિવેદન કરીને કહ્યુ હતુ કે લોકો ઠંડીના કારણે મૃત્યુ પામ્યા નથી. રાહત કેમ્પમાં મોતના આંકડે પ્રતિક્રિયા આપતા તેમણે આ મુજબની વાત કરી હતી. ગુપ્તાએ કહ્યુ હતુ કે ઠંડીના કારણે મોત થયા હોવાના અહેવાલ પાયા વગરના છે. તેમણે ઉમેર્યુ હતુ કે જો ઠંડીના કારણે લોકોના મોત થઈ રહ્યા હોત તો સાઈબેરિયામાં કોઈ પણ વ્યક્તિ જીવિત રહી શકી ન હતો. રાહત કેમ્પમાં લોકોની સ્થિતિ અંગે પ્રતિક્રિયા કરતા તેમણે આ મુજબની વાત કરી હતી. ઉત્તર પ્રદેશના અધિકારીના નિવેદનની ટિપ્પણી કરતા જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યુ હતુ કે ઠંડીના કારણે મોત થઈ રહ્યા નથી તે બાબત ખુબજ આશ્ચર્યજનક છે. એક વખતે આવા અધિકારીને તીવ્ર ઠંડીના વાતાવરણમાં મોકલવામાં આવે ત્યારે જ આ વાતની જાણ થશે.

# ત્રીજી વાર વડાપ્રધાન બનવા મનમોહનસિંહ ઈચ્છુક નથી

## રાહુલ ગાંધી આડેની તમામ અડચણો દૂર મનમોહનસિંહ પાર્ટી માટે કામ કરવા માટે ઈચ્છુક

નવી દિલ્હી,તા. ૨૭

કોંગ્રેસમાં રાહુલ ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવાની માંગ દિનપ્રતિદિન વધી રહી છે ત્યારે મનમોહનસિંહે પક્ષ પ્રમુખ સોનિયા ગાંધીને કહી દીધુ છે કે તેઓ પણ બ્રેક ઈચ્છે છે અને ત્રીજી વખત વડાપ્રધાન બનવાની ઈચ્છા ધરાવતા નથી. મનમોહનસિંહે સોનિયા ગાંધીને કહ્યુ છે કે તેઓ હવે પાર્ટી માટે કામ કરવા ઈચ્છુક છે. રાહુલ ગાંધીની મદદ કરવા માટેની પણ ઈચ્છા વ્યક્ત કરી છે. વડાપ્રધાનના આ વલણ બાદ એમ માનવામાં આવી રહ્યુ છે કે રાહુલ ગાંધી માટેનો રસ્તો સંપૂર્ણપણે સાફ થઈ ગયો છે. આ વાતચીતની માહિતી ધરાવતા એક નેતાએ ટીવી ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યુ છે કે હાલમાં આ અંગે વાત કરવી ખૂબ વહેલીતકે હશે. પરંતુ સિંહ પાર્ટીમાં કોઈ પણ સ્તરે કામ ચોક્કસપણે કરશે. કોંગ્રેસના અન્ય એક વરિષ્ઠનેતાએ કહ્યુ છેકે જો અમે આગામી ચૂંટણીમાં જીત મેળવી શું તો એવી શક્યતા ઓછી છે કે



મનમોહનસિંહને ત્રીજી વખત વડાપ્રધાન પદની ઓફર કરવામાં આવશે. પરંતુ કોઈ પણ નિર્ણય સર્વસંમતિ સાથે જ લેવામાં આવશે.

# 'આપ'ની સરકાર પહેલા વહીવટી તંત્રમાં દહેશત

## સરકાર બન્યા બાદ તમામ કૌભાંડોની તપાસ થશે તેવી દહેશતથી કર્મચારીઓ, અધિકારીઓમાં ફફડાટ ફેલાયો

નવી દિલ્હી,તા. ૨૭

દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર બને તે પહેલા જ સરકારી કચેરીઓમાં ભારે દહેશત દેખાઈ રહી છે. ભ્રષ્ટાચારમાં ડૂબેલા અધિકારીઓ અને કર્મચારીઓને હવે એવો ડર સતાવી રહ્યો છે કે સરકાર બન્યા બાદ કૌભાંડોની ચકાસણી થશે અને તેમની સામે તવાઈ આવશે. ન્યૂઝ ચેનલ આજતકના સ્ટીંગ ઓપરેશનમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે પૂર્વ શિક્ષણ પ્રધાન અરવિન્દરસિંહ લવલીની ઓફીસમાં અનેક પૂર્વ ઓએસડી દ્વારા ફાઈલોને ફાડી નાંખવામાં આવી છે. આ ઉપરાંત દિલ્હી જળ બોર્ડમાં અધિકારીઓના ખાવા,પીવા પર કરોડો રૂપિયાનો ખર્ચ થયો હોવાનો પણ ખુલાસો કરવામાં આવ્યો છે. સ્ટિંગ ઓપરેશનમાં દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ અને પૂર્વ શિક્ષણ પ્રધાન અરવિન્દરસિંહ લવલીની ઓફિસમાં એક ઓફિસરને ઘણા દસ્તાવેજો ફાડતા દર્શાવવામાં આવ્યા છે. ફાઈલો ફાડી નાંખવાના સંદર્ભમાં જ્યારે ઓફિસરને પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે કોઈ વિગત આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ચેનલના સ્ટીંગ ઓપરેશનમાં દિલ્હી જળ બોર્ડના એક અધિકારીને એમ કહેતા દર્શાવવામાં આવ્યા છે કે બોર્ડની બેઠકમાં ખાવા પીવા પર કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. બીજી બાજુ અન્ય એક અધિકારીએ શિલા દિક્ષીતની પાણી માફિયાઓ સાથે સાંઠગાંઠ હોવાની વાત પણ કબૂલી છે. તેમણે કહ્યુ છે કે પાણી પૂરવાઠાના કોન્ટ્રાક્ટમાં કૌભાંડો પણ કરવામાં આવ્યા છે. દરમિયાન અરવિંદ કેજરીવાલને આવો પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યુ હતુકે ફાઈલોની સુરક્ષા કરવાનું કામ મુખ્ય સચિવનું કામ છે. કેબિનેટ પ્રધાન તરીકે જવાબદારી સંભાળવા જઈ રહેલા મનિષ સિસોદિયાએ કહ્યુ હતુ કે ફાડવામાં આવેલી ફાઈલો અંગે તેમની પાસે માહિતી આવી છે.

# રાહુલને ટૂંકમાં કોંગ્રેસ પક્ષના પીએમ ઉમેદવાર જાહેર કરાશે



નવી દિલ્હી,તા.૨૭

રાહુલ ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે કોંગ્રેસ જાન્યુઆરીમાં જાહેર કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમીટિના મોટાભાગના સભ્યો આ બેઠકમાં ઠરાવ લાવીને રાહુલ ગાંધીને વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણી માટે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા માગે છે. એઆઈસીસીના કેટલાક સભ્યોએ ચર્ચા પણ શરૂ કરી દીધી છે. ૧૭મી જાન્યુઆરીના દિવસે એઆઈસીસીના સત્રમાં ઠરાવ લાવવામાં આવનાર છે. આ ઠરાવ ઉપર તમામ સભ્યોના હસ્તાંક્ષર પણ લેવામાં આવશે. એકબાજુ ભાજપે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીના નામની જાહેરાત કરી દીધી છે ત્યારે કોંગ્રેસ મોદીની સામે રાહુલ ગાંધીને મેદાનમાં ઉતારવાની તૈયારીમાં છે. આ મુદ્દા ઉપર તમામ સાથે વાતચીત શરૂ થઈ ચૂકી છે.

# સેન્સેક્સ ૧૧૮ પોઈન્ટ સુધરી ૨૧૧૯૪ની નવી સપાટી ઉપર

મુંબઈ,તા. ૨૭

શેરબજારમાં આજે તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૦.૫૬ ટકા ઉછળીને ૨૧૧૯૪ની સપાટીએ રહ્યો હતો. સતત બીજા સાપ્તાહિક ગાળામાં ઈન્ડેક્સ તેજી સાથે બંધ રહ્યો હતો. ઈન્ફોસિસ જેવા ટેકનોલોજીના શેરમાં તેજી અકબંધ રહી છે. સોફ્ટવેર સર્વિસ સેક્ટરમાં સૌથી શાનદાર દેખાવ રહ્યો છે. ૨૦૧૩ની પૂર્ણાહૂતિ પણ સોફ્ટવેર શેર માટે શાનદાર રહી છે. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ૭.૪૪ અબજ રૂપિયાની કિંમતના શેરની ખરીદી કરી છે. આની સાથે જ માસિક કુલ ખરીદી ૨.૫ અબજ ડોલરની રહી છે. જાણકાર લોકોનું કહેવું જ છેકે વૈશ્વિક બજારોમાં રેકોર્ડ ઉંચી સપાટી જોવા મળી રહી છે. એફઆઈઆઈ દ્વારા સતત ખરીદી થઈ રહી છે. બેંચમાર્ક બીએસઈ ઈન્ડેક્સ ૦.૫૬ ટકા સુધરીને ૨૧૧૯૪ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી પણ ૦.૫૬ ટકા ઉછળીને ૬૩૧૪ની સપાટીએ રહ્યો હતો. બજારમાં સતત બીજા સાપ્તાહિક ગાળામાં બંને ઈન્ડેક્સમાં ઉછાળો રહ્યો હતો. ઈન્ફોસિસના શેરમાં ૧.૧૫ ટકાનો ઉછાળો રહેતા તેના શેરની કિંમત ૩૫૬૧ રહી હતી. ટીસીએસની કિંમતમાં ૨.૮૭ ટકાનો ઉછાળો રહ્યો હતો.

# પાસવાનને મનાવવા લાલુ અને નિતીશના પ્રયાસ શરૂ

## ભાજપને પછડાટ આપવાનો મુખ્ય હેતુ : બિહારમાં ભાજપને રોકવા લઘુમતી બેઝ મજબૂત કરવાની જરૂર હોવા લાલુ-નિતીશનો મત : ૧૫ ટકા મુસ્લિમ મત

નવી દિલ્હી,તા.૨૭

છેલ્લી સામાન્ય ચૂંટણીમાં અતિ કફોડી હાલતમાં મૂકાઈ જનાર લોકજન શક્તિ પાર્ટીએ પણ આ વખતે તેની હાજરીને વધારવા માટે તૈયારી હાથ ધરી છે. ૨૦૧૪ની ચૂંટણી નજીક છે ત્યારે રામલીલા પાસવાને વધુ સાથી પક્ષો એકત્રિત કરવા માટે કમરકસી લીધી છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આક્રમક ચૂંટણી પ્રચારની તૈયારી કરી લીધા બાદ હવે બિહારના મોટા પક્ષો રામવિલાસ પાસવાનને મનાવવાના પ્રયાસ કરી રહ્યા છે. આરજેડીના વડા લાલુપ્રસાદ યાદવ અને બિહારના મુખ્યમંત્રી નિતીશકુમાર બંને પાસવાન સાથે જોડાણ કરવાની ગણતરી કરી રહ્યા છે જેના લીધે વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણી પહેલા પાસવાનને નવી રાહત મળી ગઈ છે. જોકે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. રામવિલાસ પાસવાન બિહારમાં પાસવાન દલીતોના ટેકા મારફતે માત્ર ૫ ટકા મત ધરાવે છે પરંતુ તેમની બિનસાંપ્રદાયિક વિશ્વસનીયતાથી આરજેડી અને જેડીયુ પ્રભાવિત છે. લાલુ કોંગ્રેસ, આરજેડી અને એલજેપી સાથે જોડાણ કરીને જેડીયુને નુકસાન પહોંચાડવા માંગે છે. બીજી બાજુ નીતિશકુમાર પાસવાન સાથે જોડાણ કરીને તેમની દલીત વોટબેંકને મજબૂત કરવા માગે છે. ભાજપ સાથે ૧૭ વર્ષ જૂના સંબંધ તૂટી ગયા બાદ તેને થનાર સંભવિત નુકસાનને પહોંચી વળવા નીતિશકુમારે ગણતરી કરી છે. કોંગ્રેસ અને ભાજપ બંનેથીદૂર રહીને જેડીયુ મેદાનમાં ઉતરવા ઈચ્છુક છે. આરજેડી અનો જેડીયુ બંને એલજેપીને રાહત આપીરહ્યા છે. જો કે પાસવાને હજુ સુધી કોઈ નિર્ણય કર્યો નથી. આરજેડીનું કહેવું છે કે એલજેપી સાથે તેના સંબંધ ખૂબ મજબૂત રહ્યા છે. બીજી બાજુ જેડીયુના નેતઓ પણ સંકેત આપી રહ્યા છે કે પાસવાન સાથેજોડાણ કરવામાં કોઈ તકલીફ નથી પરંતુ પાસવાને પહેલા ઓફર કરવી જોઈએ. મોદીના આક્રમક પ્રચારના કારણે કોઈપણ ગઠબંધનની તરફેણમાં મુસ્લિમ વોટ બેંક મજબૂત હશે જે ભાજપને હરાવવા માટે મહત્વપૂર્ણ રહેશે. આશરે ૧૫ ટકા મુસ્લિમ વોટ ૪૦ બેઠકોના ભાવિ નક્કી કરી શકે છે આવી સ્થિતિમાં આરજેડી અને જેડીયુ બંને પાસવાન તરફ ઝુંકી રહ્યું છે. બિહારમાં ભાજપને રોકવા લઘુમતી ટેકાને મજબૂત કરવાની જરૂર ઊભી થઈ છે. આરજેડીના લોકો ભૂતકાળમાં પાસવાન સાથે સંબંધ રાખી ચૂક્યા છે.

# કોંગ્રેસ શાસિત રાજ્યોમાં લોકાયુક્ત રચાશે

## આદર્શ અહેવાલને ફગાવી દેતા રાહુલ ગાંધી ભારે નારાજ : કોંગ્રેસના વોર રૂમમાં ટોપ લીડરો અને મુખ્યમંત્રીઓની સાથે રાહુલ ગાંધીની વિસ્તૃત બેઠક : કોંગીના રાજયમાં ફળફળાદી-શાકભાજી એપીએમસીથી દૂર

નવી દિલ્હી,તા. ૨૭

તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પક્ષનો અતિકંગાળ દેખાવ રહ્યા બાદ પ્રથમ વખત મોટી ક્વાયત આજેહાથ ધરવામાં આવી હતી. જેના ભાગરૂપે કોંગ્રનસા ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે ૧૨ કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રી અને ટોચના નેતાઓ સાથે મહત્વપૂર્ણ મિટિંગ યોજી હતી. વ્યૂહરચના સેશન્સ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે આદર્શ કૌભાંડના સંદર્ભમાં અહેવાલ અંગે તેમનું મૌન તોડતા કહ્યુ હતુ કે આદર્શ કૌભાંડના અહેવાલને ફગાવી દેવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણય સાથે તેઓ સહમત નથી. મહારાષ્ટ્ર સરકારે આ મામલે ફેરવિચારણા કરવી જોઈએ. કોઈને બચાવવાનો કોઈ પ્રશ્ન નથી. આદર્શ કૌભાંડમાં કોંગ્રેસના વરિષ્ટનેતાઓ આરોપી તરીકે રહ્યા છે. ભ્રષ્ટાચારને રોકવાની જરૂર છે. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યુ હતુ કે આગામી વર્ષે ૨૮મી ફેબ્રુઆરીએ કોંગ્રેસ શાસિત તમામ રાજ્યોમાં નવા લોકાયુક્તની રચના થશે.ભાવ વધારા મુદ્દે પણ આક્રમક નીતિ કોંગ્રેસેતૈયાર કરી છે. ભાવ વધારાને અંકુશમાં લેવા ૧૫મી જાન્યુઆરી સુધી કોંગ્રેસ શાસિત રાજ્યોમાં એગ્રિકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટિમાંથી ફ્રુટ અને શાકભાજીને દૂર કરવામાં આવશે. આ બેઠકમાં વરિષ્ઠનેતાઓ એકે એન્ટોની, સુશીલકુમાર શિંદે, પી ચિદમ્બરમ, અહેમદ પટેલ, જયરામ રમેશ, દિગ્વિજયસિંહ, જનાર્દરન દ્વિવેદી, કપિલ સિબ્બલ અને કેબી થોમસની સાથે કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કવાયત દિવસભર ચાલી હતી. સવારમાં

બેઠકનો દોર શરૂ થયો હતો. દિલ્હી, રાજસ્થાનમાં ચૂંટણીમાં હાર ખાધા બાદ કોંગ્રેસ હવે ૧૨ રાજ્યોમાં શાસન ધરાવે છે તેમાં મણિપુર, મિઝોરમ, આસામ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, અરૂણાચલપ્રદેશ, કેરળ અને મેઘાલયનો સમાવેશ થાય છે. ચૂંટણી હાર ખાધા બાદ પક્ષ ૧૨ રાજ્યોમાં પોતાની સત્તા જાળવી રાખવાની વ્યૂહરચના પર કામ કરવા મક્કમ છે. સાથે સાથે ભાજપ શાસિત રાજ્યોમાં પણ સારોદેખાવ કરવાની યોજના ધરાવે છે. હાલમાં જ શિવરાજસિંહના નેતૃત્વમાં મધ્યપ્રદેશમાં ભાજપને શાનદાર દેખાવો કર્યો હતો. છત્તીસગઢમાં પણ ભાજપે સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી છે. અલબત્ત કોંગ્રેસે બસ્તરમાં ખૂબ સારો દેખાવ કર્યો હતો. આજે શરૂ થયેલી બેઠકમાં વિવિધ મુદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાજસ્થાનમાં કોંગ્રેસ પાસેથી ભાજપને સતતા આંચકી લીધી છે.